તેથી આજે પર્વાધિરાજની આરાધનામાં સાંસારિક પ્રવૃત્તિઓનો સંબંધ બને તેટલો ઓછો કરવાનો પ્રયત્ન ઉમેરી આચારશુદ્ધિનું લક્ષ્ય કેળવવા પ્રયત્ન કરવો જરૂરી છે.



પર્વાધિરાજ શ્રી પર્યુષણપર્વ

[ચોથો દિવસ]

શ્રી કલ્પસૂત્રનું વાંચન

પરમ પાવન પર્વાધિરાજ શ્રી પર્યુષણાનો આજે ચો[થો] દિવસ છે.

આજે મહામાંગલિક પરમપવિત્ર શ્રી કલ્પસૂત્રનું વાંચન શરૂ થવાનું.

આજના દિવસની મંગલમયતાનો અનુભવ જીવનનો ખરેખરો લ્હાવો છે.

પણ તે મેળવવા માટે એક વાતનો સચોટ નિર્ણય કરવો જોઈએ કે કલ્પ એટલે મર્યાદા-એનું સૂત્ર એટલે એકીકરણ અર્થાત્ આપણી શક્તિઓના અખૂટ ઝરાને મર્યાદાઓથી અંકિત કરી સાચી દિશામાં તેને વહેવડાવવાની જવાબદારીનો માનદંડ.

આજથી શરૂ થતા કલ્પસૂત્રના વાંચનનું આવું અદ્ભુત રહસ્ય યથાયોગ્ય રીતિએ સમજી-વિચારી જીવનશુદ્ધિના ધોરણે આપણી વૃત્તિઓના ઘડતરને આડે આવનારા આપણા ક્ષુદ્ર અતિ તુચ્છ સ્વાર્થ-વિકારી ભાવો કે વાસનાઓના પોષણની ધારણાઓને રૂપાંતરિત કરવા માટે સક્રિય બનવું જોઈએ.

આજના વિચાર-વાણીના સ્વચ્છંદતારૂપે પરિણમી રહેલી કહેવાતી સ્વતંત્રતા-આઝાદીના યુગમાં મર્યાદાઓ કે ધારા-ધોરણ મુજબ ચાલવાની વાત વાહિયાત જેવી કદાચ ઉપલક બુદ્ધિવાળાઓ ગણી હસી કાઢે? પણ ખરેખર મર્યાદાઓ જ શક્તિના સાચા વિકાસની કુંચીઓ છે. ચાલુ વહી જતા પાણીમાંથી બંધ બાંધી રોકાણ કરવાથી જ અમાપ શક્તિઓ અનુભવાય છે. સદુપયોગની દિશા હાથ ન લાગી હોય તો ભયંકર જલપ્રલય કે મોટા વિનાશનું પણ સર્જન મર્યાદાઓથી બંધાએલ જલરાશિથી થાય છે.

માટે આજે પર્વાધિરાજના મહત્વપૂર્ણ સંદેશરૂપે જીવનમાં આત્મસંયમ–આત્મ નિરીક્ષણ અને આત્મસંવેદનાની ત્રિપુટીની પ્રતિષ્ઠા કલ્પસૂત્રના વાંચનના પ્રારંભદ્વારા કરવી જોઈએ.

પરિણામે ઘરના આંગણામાં આંટા મારતી ભાવશુદ્ધિ આપણે સહેલાઈથી ઓળખી કાઢી આપણા મર્યાદાશીલ પવિ માનસમાં વિવેકપૂર્વક પધરાવી શકીએ!!

આ છે આજના કલ્પધર કે વડાકલ્પ તરીકે ઓળખા પવિત્ર દિવસની મંગલમયતા!!!



પર્વાધિરાજ શ્રી પર્યુષણા

[પાંચમો દિવસ]

પ્રભુ મહાવીરના જન્મવાચન મહોત્સવનું રહસ્ય

આજે પર્વાધિરાજની આરાધનાનો પાંચમો દિવસ

ગઈકાલથી આપણી જીવનશુદ્ધિના લક્ષ્યને ચોક્કસ રૂ આપવાનું કાર્ય મહામંગલકારી શ્રીકલ્પસૂત્રના શ્રવણ પ્રારંભથી શરૂ થયું છે. તેને આજે પરમોપકારી ચરમતીર્થંક પ્રભુ મહાવીર પરમાત્માના જન્મવાચન પ્રસંગની ઉજવણી ઉમંગભેર વિવિધ કાર્યક્રમોદ્વારા વેગવંતુ બનાવવાનું છે.

"સૂક્ષ્મબુદ્ધિથી ધર્મના ગહન તત્ત્વોનો પરિચય મ શકે છે." આ વાતને યોગ્ય રીતે નહીં સમજી શકના કેટલાક જ્ઞાનની વિપુલ રાશિના ધણી કહેવડાવવા છતાં પા વિશ્વવત્સલ જગતહિતૈષી તીર્થંકર પરમાત્માના હૈયાન અસીમ કરૂણાના પરિચાયક સ્વપ્નો અને જન્મપ્રસંગ

વિવિધ વર્ણોને બાલકને ફોસલાવવાની રીત
ંછી નાખનારા વિવિધ વર્ણોને બાલકને ફોસલાવવાની રીત
ાથે સરખાવી દેતા હોય છે.
પરંતુ ખરેખર તો સૂક્ષ્માતિસૂક્ષ્મ પ્રાણી સાથે પણ
એકરૂપતાના અનુભવની ચરમસીમાએ પહોંચેલા એકેક પ્રસંગ-
માંથી આપણી જીવનશક્તિઓને ડહોળી નાંખનાર મોહમલ્લ
સામે પડકાર ફેંકવારૂપ ત્યાગભાવની ઉદાત્ત ભાવના ઝીલવા
માટેનું અખૂટ બળ મળતું હોય છે.
સૂક્ષ્મબુદ્ધિગમ્ય આ રહસ્ય આજે ચૌદ સ્વપ્ન ઉતારવાની
પદ્ધતિ, જન્મવાચન મહોત્સવ, અને તે નિમિત્તે થતી હજારોન
ઉછામણી આદિ દ્વારા ગુરૂગમથી યોગ્યરીતે વિવેકનું ઘડત
કરી મેળવવા પ્રયત્ન કરવો જોઈએ.
આરાધનાના પંથે આગળ ધપવા માટે શાસ્ત્રીય તત્ત્વો
વ્યાવહારિક પ્રયોગોની સમજૂતી આજના પવિત્ર દિવસે ત્યા
વૈરાગ્ય અને કર્મશત્રુ સાથે ઝઝુમવા માટેનું અપૂર્વ બલ
મહાવીર ભગવંતના જન્મવાચન મહોત્સવની આદર્શ પ
મેળવવાનો પ્રયત્ન વિવેકીનું પરમકર્ત્તવ્યરૂપ બની જાર

♣

પર્વાધિરાજ શ્રી પર્યુષણા

[છઠ્ઠો દિવસ]

જીવનદૃષ્ટિનું સંશોધન

(ગણધરવાદનું રહસ્ય)

આજે પર્વાધિરાજની આરાધનાનો છઠ્ઠો દિ...
વિચારોની શુદ્ધિ જીવનશુદ્ધિ માટે વધુ અપેક્ષિત છે. પણ
આચારશુદ્ધિ વિના વિચારશુદ્ધિ થતી નથી કે ટકતી નથી.

ાટે પર્વાધિરાજની આરાધના પ્રસંગે જીવનશુદ્ધિના લક્ષ્યની
ફળતા માટે આચારશુદ્ધિની કેળવણી કરનાર કલ્પસૂત્રનું
વણ અને તેની પૂર્વભૂમિકા રૂપ અષ્ટાન્હિકા વ્યાખ્યાન આદિની
પયોગિતા છે.

પણ આ બધું ય જીવનશુદ્ધિના લક્ષ્યને પૂરક ત્યારે બને
ત્યારે કે આંતરિક વિચારસરણીમાં મોહની મલિનતા કે વિકાર
ાવોની અશુદ્ધિ ઘટાડવા રૂપે તાત્વિક દૃષ્ટિ જન્મે.

આ દૃષ્ટિના ઘડતર અને વિકાસ માટે આજનો પવિ
દિવસ છે.

આજે પરમાત્મા શ્રી મહાવીર ભગવંતની દીક્ષા, કેવળ
જ્ઞાન અને નિર્વાણરૂપ ત્રણ કલ્યાણકારી પ્રસંગોનું શ્રવણ
મનન કરવાનું છે.

તેમાં પણ કેવલજ્ઞાનના પ્રસંગે અગિયાર ગણધરોએ
કરેલ આત્મવિલોપન કે આત્મવિસર્જનની ઉદાત્ત તાત્વિ
પ્રક્રિયાના મહત્વને સૂચવનાર ગણધરવાદના આદર્શ તાત્વિ
સિદ્ધાંતોના મર્મ પારખવાની ખાસ જરૂર છે.

પર્વાધિરાજની આરાધના આપણી જીવનદૃષ્ટિના સંશોધ
ઉપર નિર્ભર છે.

જન્મજન્માંતરની ભૌતિકને પૌદ્ગલિક વાસનાઓન
ચિરસહવાસના પરિણામે દૃઢ બની ગયેલી જડભાવપરિણ
દૃષ્ટિના નબળા તેજવાળા આપણે ઝળહળતા સનાતન સત
જેવા આત્મા, પુણ્ય, પાપ, સ્વર્ગ, નરક, પરલોક, બંધ મો
ક્ષ જેવા સર્વ સાધારણ પણ તાત્વિક પદાર્થોનો હૃદય
પૂર્વક સ્વીકારી શકતા નથી.

તેથી આજે જ્ઞાનીઓએ શ્રી કલ્પસૂત્રમાં આવતા પ્રભુ મહાવીરદેવના કેવલજ્ઞાન પ્રસંગને ગણધરવાદના તત્ત્વ ભરપૂર વિશદ વિવેચનથી અલંકૃત કરીને આપણી જીવન દૃષ્ટિનું સાચું સંશોધન કરવાનો સત્ય પ્રયત્ન કર્યો છે.

આજના મંગલ દિવસે ગુરૂગમથી ગણધરવાદના આવા આવા માર્મિક રહસ્યને સમજવાનો પ્રયત્ન કરી જીવનદૃષ્ટિનું સંશોધન કરવું જરૂરી છે.



પર્વાધિરાજ શ્રી પર્યુષણા

[સાતમો દિવસ]

ક્ષમાપનાનું રહસ્ય

આજે પર્વાધિરાજની આરાધનાનો સાતમો દિવસ છે. **ધર્મસ્ય ત્વરિતા ગતિઃ** કહેતી મુજબ પર્યુષણ મહાપર્વની પધરામણી થયાનો આનંદ હજી શમે ત્યાં તો તેના પ્રયાણના નગારા સંભળાવવા લાગ્યા.

પણ અવિરતગતિએ ચાલતો કાળનો પ્રવાહ કોઈના માટે થોભતો નથી. એ તો "વહેતી નદીના પાણીમાં જેણે ડૂબકી મારી તે નિર્મલ થઈ જાય" તે રીતે શક્ય રીતે આપણી વૃત્તિઓ–પ્રવૃત્તિઓના બંધારણને વિચારકતા અને કર્મણ્યતાના સુમેળરૂપે વ્યવસ્થિત કરવાની પ્રેરણા આરાધનાના આ પવિત્ર દિવસોમાં જેઓએ મેળવી તેઓ ધન્ય બની ગયા છે!

આજે આવી વિચારણાના માધ્યમથી "ભણતરની મહેનત પરીક્ષા ટાણે" અને "વાવણીની મહેનત લણવાના સમયે" સફળ થાય તેમ આવતીકાલે સકલ જીવરાશિ સાથે અહં–મમના

ઢારોની માદક અસર તળે આવીને કરેલી વિસંવાદી પ્રવૃત્તિને
ળ કરવા સારૂ ક્ષમાપનાનો અદ્ભુત સંજીવન મંત્ર પર્વા-
જની આરાધના દ્વારા સિદ્ધ કરવાનો સંકલ્પ મજબૂત
વવાનો છે.

તેથી આજે ભાવોની બંધારણીય ભૂમિકા પલટાવવાનું
ત લક્ષ્ય કેળવવા જાગૃતિ કેળવવી જરૂરી છે.

પરિણામે ભાવના અને આપણી વિચારધારાના મૂળમાં
બૂતાઈથી અડ્ડો જમાવી બેઠેલી માનવ સ્વભાવની વિકૃત
સીયતો જેવી કે "પોતાની જ વિચારધારા," "નિર્ણયોના
દંડથી સઘળાને માપવાનો પ્રયત્ન" "પરદોષસમીક્ષા,"
ારૂં કર્યું તો મેં કર્યું અને બગડયું તો બીજાએ બગાડયું"
દિના નિરાકરણરૂપે જિજ્ઞાસા, ગુણાનુરાગ, ધીર-ગંભીર,
ાર પદ્ધતિ આદિ ગુણોની કેળવણી માટે આવતીકાલે
તા, વિનય, વિવેકપૂર્વક સાચી ક્ષમાપના કરી શકાય તે
આજે વધુ સાવધાન થવાની જરૂર છે.



પર્વાધિરાજ શ્રી પર્યુષણા

[આઠમો દિવસ]

ક્ષમાપનાનું રહસ્ય

આજે પર્વાધિરાજની આરાધનાનો આઠમો અને છેલ્લો
સ છે.

દહેરાસરમાં પ્રભુ પ્રતિમાની કે શિખર પર સ્વર્ણ
શની પ્રતિષ્ઠાની જેમ આજે પર્વાધિરાજની સાત દિવસની
રાધના બળે હળવું સ્વચ્છ અને નિર્દોષ બનેલ હૈયાના

મહામૂલા ભાવશુદ્ધિરૂપ સિંહાસન ઉપર આપણા ચૈતન્યતત્ત્વની પ્રતિષ્ઠા કરવાની છે.

આજ સુધી વિષય-કષાયોની વાસના અને ભૌતિક-પદાર્થોની મોહમાયાની ખોટી દોરવણી તલે ચૈતન્યતત્ત્વનું અપમાન અનેક રીતે આપણે કરતા આવ્યા છીએ.

આજે પર્વાધિરાજની મહામૂલી સંપદાથી સમૃદ્ધ પણ ચૈતન્યતત્ત્વને જન્મજન્માંતરના વિવિધ અશુભ સંસ્કારોના બળે વિકારી સ્થૂળ-ભાવોની સપાટીએ જ આંટા મારતી આપણી સ્થૂળદૃષ્ટિ ઓળખી શકતી નથી.

માટે દર્પણથી જેમ આપણા મ્હોં પરના ડાઘાનો પરિચ મેળવી શકીએ તેમ અન્ય જીવોમાં ગુણાનુરાગ દૃષ્ટિથી ચૈતન્ય અદ્ભુત દર્શન કરવાના સતત અભ્યાસથી આપણી દૃ ચૈતન્યતત્ત્વની સાચી ઓળખાણ માટે પાવરધી બની શકે

પણ ક્ષમાપનાના હાર્દને પામીને દોષદૃષ્ટિને વિ કર્યા વિના કે નમ્રતા સહિષ્ણુતા કે સાપેક્ષવૃત્તિના ઘડ વિના અન્ય જીવોમાં વિલસી રહેલ ચૈતન્યનું દર્શન શ નથી બનતું.

માટે આજે આપણા પોતાના ચૈતન્યતત્ત્વને પારખ માટે જરૂરી અન્ય જીવોના આત્મદ્રવ્યની ઓળખાણ આવતી દોષદૃષ્ટિ આદિને ખસેડવા માટે ક્ષમાપનાના આદ જીવનમાં સુવ્યવસ્થિતપણે કેળવવાની જરૂર છે.

વિવેક મહામૂલી
સંપત્તિ છે.

પર્વાધિરાજની આરાધનાની આ મલાઈ છે.--
કે :-

ખમો અને ખમાવો !
કષાયોનું શમન કરો !
સામાના દોષો ગળી જાઓ !
ગુણો તરફ ધ્યાન કેન્દ્રિત કરો !

આ ચાર બાબતમાં પર્વાધિરાજની આરાધનાનો સાર સમાઈ જાય છે.



દીવાળી પર્વની મહત્તા.

ધનતેરશનું રહસ્ય

પર્વનો અર્થ થાય છે ગાંઠ, આ શબ્દનો વ્યવહાર શેલડી માટે થાય છે. તેના માટે એમ કહેવાય પણ છે કે 'ગાંઠે ગાંઠે રસ ન્યારો' તથા શેલડીની ઉત્પત્તિ પણ તે ગાંઠમાંથી થાય છે.

આ વાતને ધ્યાનમાં રાખી લોકવ્યવહારમાં આબાલ-ગોપાલ મનોરંજનનું ગણાતું દિવાલીનું પર્વ વિવેકી આત્મા-ઓને શો બોધપાઠ આપે છે? તે સમજવું વિવેક-બુદ્ધિનું મધુરું ફળ છે.

દરેક વસ્તુના ચાર નિક્ષેપા નામ સ્થાપના દ્રવ્ય, ભાવ થાય છે. તેમાં મુખ્યથી દ્રવ્ય અને ભાવ વધુ ઉપયોગી હોય છે. એટલે દીવાલીપર્વની દ્રવ્ય આરાધનાના રહસ્યને ધ્યાનમાં લઈ ભાવ દિવાલીની કક્ષા સફળ રીતે મેળવવાનું ધ્યેય ઘણું ઉપયોગી છે.

દ્રવ્યથી દિવાલીના બે અર્થ થાય છે.

જેમાંનો એક તો લૌકિક દૃષ્ટિએ ઇન્દ્રિયોના વિકારોને
ાળવાની પ્રવૃત્તિ કરવી એવો થાય છે.

પણ આ અર્થ પર્વના મુખ્ય અર્થને વિકૃત કરનાર
ાથી હોય છે. બીજો અર્થ છઠની તપસ્યા કરી પ્રભુ મહાવીર
ના નિર્વાણ કલ્યાણકની આરાધના ગણણું દેવવંદન વિગેરે
ું એવો થાય છે.

ભાવદિવાળીનો અર્થ જ્ઞાનના દીવાને પ્રકટાવીને જીવન
કરાતી સારી-નરસી પ્રવૃત્તિઓના સરવૈયા તપાસવા.

આ અર્થ ધ્યાનમાં રાખી પ્રભુ મહાવીરદેવે મેળવેળ
ર્વાણપદના લક્ષ્યની નજીકમાં આપણે કેટલા છીએ? એ
ારી ભાવદીવાળીના પરમાર્થની નજીકમાં જવા પ્રયત્ન કરવો
દીવાળીની પ્રશસ્ત આરાધના છે.

આ દૃષ્ટિએ આજનો દિવસ લૌકિક વ્યવહારમાં ધનતેરશ
રીકે જે ગણાય છે. તેમાં જડ ધનની પૂજા કરી આત્માને
ેકાસમાં ડગલે ને પગલે બાધક મોહવૃત્તિને પોષણ આપવાની
વૃત્તિ કરવા કરતાં આત્માના સાચા અખૂટ જ્ઞાનાદિ-ધનની
ંભાળ લઈ તેની પ્રાપ્તિ માટે ઉદ્યમી થવું તે સાચું ધન-
ેરશનું રહસ્ય છે.



દીવાળીનું રહસ્ય

કાળી ચૌદશનો ભાવાર્થ

જૈન શાસનના પર્વો અને તેની આરાધનાના રહસ્યને
યથાર્થ રીતે ન સમજી શકનારા પ્રાણીઓ અનાદિકાળની સંસ્કા

રોની પકડમાંથી છુટવા માટે કરાતી આરાધનાની
મેળવી શકતા નથી.

દીવાળી પર્વ માટે આવું જ કાંઈક બનવા પામ્યું
આમોદ-પ્રમોદ મોજ-આનંદ, અને વિલાસિતાને
રીતે કાં તો દીવાલીની ઉજવણી થાય છે. અથવા તો
ધનાના રહસ્યને સમજવાની-પામવાની તકેદારીની ખામ
આરાધનામાં શિથિલતા કે અવ્યવસ્થાનાં વિસંવાદી તત્ત્વે
પગપેસારો થઈ જાય છે.

માટે દીવાલીની વાસ્તવિક આરાધના માટે નીચે
ધ્યાનમાં રાખવા જેવું છે.

દીવાલીપર્વ ચરમતીર્થપતિ પ્રભુ મહાવીરદેવના નિર્વા
કલ્યાણક સાથે સંકળાએલું છે. એટલે 'નિર્વાણ' શબ્દનો અર્થ
આપણા માનસમાં ગુંજતો થવો જરૂરી છે.

'નિર્વાણ' શબ્દનો અર્થ શબ્દ શાસ્ત્રની મર્યાદા પ્રમાણે
"બુઝાઈ ગયેલ" થાય છે. એટલે પ્રભુમહાવીર પરમાત્માનો
કર્મરૂપ અગ્નિ અથવા જન્મ-મરણનો અગ્નિ જેમ સર્વથા
બુઝાઈ ગયો તેમ દીવાલીની આરાધનાથી આપણે પણ કર્મરૂપ
અગ્નિને વધારનાર આશ્રવ દ્વારોનો ઘટાડો કરવા પ્રયત્નશીલ
થઈએ તો વાસ્તવિક દીવાલીની આરાધના કરી કેહવાય.

રૂપ ચૌદશ એટલે રૂપ કહેતાં આત્માના સ્વરૂપને
સમજવા વિચારવા, જ્ઞાની પ્રભુઓના વચનોના આધારે
કરાતી વિચારણાનો દિવસ, કેમકે વિચારણાના બળેજ આવતી
કાલે દીવાલીની સાચી ઉજવણી-નિર્વાણ શબ્દના રહસ્યને
સમજવા પૂર્વક કરી શકાય.

તથા કાળીચૌદશ એટલે આજે કરાયેલી વિચારણાના બળે એમ સમજાય કે ગમે તેટલો બુધ્ધિ વિચાર, ધન-દૌલત અને બાહ્ય સાધનોનો વિકાસરૂપ પ્રકાશ દેખાતો હોય પણ આત્મસ્વરૂપની વિચારણાની ખામીથી આ બધું ભવ વનમાં આથડવા માટે અંધકાર જેવું છે. એવું સમજાય માટે લૌકિક શિષ્ટ પુરૂષોએ આવા શબ્દો પ્રચલિત કર્યા છે.

આ પ્રમાણે આજના દિવસનું રહસ્ય સમજી આવતી કાલે સાચી દિવાલી ઉજવવા પ્રયત્ન કરવો વિવેકીની પવિત્ર ફરજ છે.

આ વાતને વિવેક બુદ્ધિથી વિચારતાં લૌકિકમાં કાળી ચૌદશ કે રૂપચૌદશ તરીકે આજનો દિવસ જે ઓળખાય છે તેનું રહસ્ય સહજ સમજાઈ જાય.



દીવાલી એટલે?

આજનો દિવસ મહાન્ પવિત્ર છે.

આજથી ૨૪૮૯ વર્ષ પહેલાં ચરમ-તીર્થપતિ શ્રમણ ભગવાન મહાવીર દેવે ધર્મની આરાધનાના અંતિમ ફલરૂપ નિર્વાણ (મોક્ષ) પદની પ્રાપ્તિ આજની રાત્રિના પાછલા પહોરે કરેલ, આપણે આજે તેની સ્મૃતિ તાજી કરી હર્ષ-શોકની મિશ્ર લાગણીઓનો અનુભવ કરી જીવનપંથ નક્કી કરવાનો રહે છે.

શોક એ બાબતનો કે ગાઢ મોહના અંધકારને ભેદી અનેક ભવ્યાત્માઓને મુક્તિના પંથે રાહબર બનાવી સર્વશ્રેષ્ઠ

લ્યાણુની સાધના કરાવનાર તીર્થંકર દેવ જેવાનો આપણુને ત્રેરહ પડેલ તે વખતે આપણો આત્મા કોણ જાણે કઈ ગતિમાં ઝડતો હશે? કે જેથી સાક્ષાત્ તીર્થંકર દેવની હયાતીમાં પણ આપણે ધોયેલ મૂલા જેવાં રહી ગયા? વગેરે અનુકૂળ પરિસ્થિતિનો લાભ ન મળી શકવાના કારણે હાર્દિક દુઃખની લાગણી અનુભવાવી જોઈએ, કેમકે આવી વિચારણાથી ધર્મની આરાધનામાં પ્રમાદ ખંખેરી કરવાની શકયતા પણ વધુ રહે.

અને હર્ષ એ બાબતનો કે જગત આખું વિષમ કલિકાલના પંજામાં ફસાઈ સાચી દૃષ્ટિના અભાવે આત્માના કલ્યાણને સાધવાના સંજોગોને વેડફી રહ્યું છે. જ્યારે આપણને પરમકરૂણાલુ તીર્થંકરદેવોનું શાસન વારસામાં મળેલ છે. જેના આધારે આત્મા અનેક ભવના ઉપાર્જેલા કર્મોના સમૂહને દૂર કરી સાચું આત્મકલ્યાણ સહેલાઈથી સાધી શકે.

આ બન્ને વાતોનો વિચાર કરી મળેલ શાસનના સાચા વારસાને ઓળખી સમજીને અંતરાત્મામાં કલ્યાણના પ્રકાશનું અજવાળુ પાથરવું એ સાચી દીવાલી છે.



દીપોત્સવી એટલે?

મનરૂપી કોડિયામાં શ્રદ્ધાનું તેલભરી ગુણાનુરાગ રૂપ બત્તી મુકી સમ્યક્જ્ઞાન રૂપ દીવાસળીને ગુરૂનિશ્રારૂપ પેટી સાથે ઘસી આચારશુદ્ધિના દીપકને પ્રકટાવી વિષમ કર્મોની કાજળ ઘેરી રાત્રિના અજ્ઞાનાદિના અંધકારને દૂર કરવો એ ખરેખર દીપોત્સવીનો ભાવાર્થ છે. આ જાતની દીપોત્સવની ઉજવણી કરવી જરૂરી છે.



[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]

[illegible]



નૂતન વર્ષની મંગળ કામના
જ્ઞાનીઓનો સંદેશ.

આજનું મંગળ પ્રભાત આબાળ-ગોપાળ સહુને
વ્યવહારિક-દૃષ્ટિથી અનેક શુભ કામનાઓથી ભરપૂર હોય
જ્ઞાનીઓ પણ શુભ પ્રવૃત્તિઓમાં એકાગ્રતાપૂર્વક ૮
બળ ન કેળવી શકેલ જગતને લૌકિક વ્યવહારો પણ વાર
માંગલિક નિવડે તે સારુ કાળજી સેવતા હોય છે.

એટલે આજે શી કામના કે વિચારણા કરવાથી વાર
મંગળમયતા મેળવી શકાય? તે માટે નીચેના જ્ઞાની
સંદેશને વાંચી-વિચારી જીવનયાત્રાને મંગળમય બન
શીખવું જરૂરી છે.


"નૂતનવર્ષના મંગળ પ્રભાતે સહુ નવા વસ્ત્રો
સ્વભાવની વિષમતા ઉપર પણ કાબૂ રાખી અને આ
દહાડો સારો તો આખું વર્ષ સારૂં એમ માની, વિવિધ
નાઓ કે પ્રવૃત્તિઓ કરતા હોય છે. પણ તે બધી સફળ કં

ત્યારે આજે કરાતી વિવિધ કામનાઓ કે પ્રવૃત્તિઓના
તિમ ફળરૂપ સુખ શાન્તિને આવવા માટે જીવનમાં અનુ-
ળ વાતાવરણ સર્જાય.

એટલે કે જેમ એક સામાન્ય વ્યાવહારિક અમલદાર
કે રાજા મહારાજાને ઘરના આંગણે આમંત્ર્યા હોય ત્યારે
તેઓને અનુકૂળ ઘર, રાચરચીલું અને પોતાના શરીર વસ્ત્રની
સ્વચ્છતા વગેરેની તૈયારી-રાખવી પડે છે, તેમ અનંત જીવો
જેની કામના કરે છે અને અનંતભવે પણ જે મળવી દુર્લભ
છે, તે સુખશાંતિને જીવનમાં સ્થાપિત કરવા મનોમંદિરમાંથી
રાગ-દ્વેષ, વિષય કષાય અને ઈર્ષ્યા, અસહિષ્ણુતા, વગેરે કચરાને
... કરવાની તથા ક્રોધ, માન, માયા, લોભ, અહંભાવ,
ક રાગ અને વિષયતૃષ્ણારૂપી જુના વસ્ત્રો ઉતારી
નમ્રતા, સરલતા, સંતોષ, વિનય, નિસ્પૃહતા અને
રૂપ નવાં કપડાં પહેરી, વીતરાગ પરમાત્માના વચનોને
માં ઉતારવાની પ્રવૃત્તિરૂપ ફરનીચર ગોઠવી, સાચી
શાન્તિને નોતરી તેના સત્કાર માટેનો શુભ સંકલ્પ
ના મંગલ પ્રભાતે સહુએ કરવો જોઈએ."

આ સંદેશાને સમજી-વિચારી સહુએ નવું વર્ષ સાચ
ગલમય બનાવવું જોઈએ.

શિખામણ અને દવા આપવી
સહેલી છે, પણ ગળવી મુશ્કેલ છે.


વાંચો વિચારો ઉંડુ મનન કરો !!!

આત્મનિરીક્ષણ કરો. ગુરુગમથી જ્ઞાનનો પ્રકાશ મેળવો !

દીવાલી પર્વના રહસ્યને સમજાવનાર કુલીન પુત્રવધૂએ પોતાના ધર્મપિતાને લખેલ

અદ્દ્ભુત પત્ર.

ધ્યાનપૂર્વક શાંતિથી વાંચો !!!

પાત્ર પરિચય :

પતિ=શુદ્ધાત્મા

તેની સ્ત્રી=ચેતના

સાસૂ=માયા

નણંદ=તૃષ્ણા

દીયર=મોહ

દેરાણી=મમતા

દીયરનો છોકરો=લોભ

જેઠ=કામ

જેઠાણી=ઈચ્છા

જેઠાણીનો દીકરો=અસદાચાર

હલકો નોકર=ક્રોધ

ધણીનો લંગોટીઓ ભાઈબંધ=મન

પાત્ર પરિચય

ધર્મપિતા=પરોપકારી તીર્થંકરદેવ ભ

ધર્મમાતા=જિનાજ્ઞા

ધર્મપુત્ર=અનુભવ

જોડીયા ભાઈ=સુખ-સ

બહેન=શાંતિ

ચેતનાની સખી=ભક્તિ

મોટી ફઈબા=કરૂણા

માશીબા=જ્ઞાનીની નિ

બગીચો=જ્ઞાનાનંદની

ગાડી=વૈરાગ્યની

ગાડીનાં પૈડાં=જ્ઞાન-ક

જય પિતાજી !

ભક્તિભાવ સાથે આપના પવિત્ર ચરણોમાં

મન !!!

આપની સરસ હુંફાળી સોડમાં ઉછરેલ વ્હાલી

આપના અત્યંત ઉજ્જવલ ગુણોનું રટણ કરીને અને

મેળવે છે !!! પણ વર્ષની સમાપ્તિએ વ્યાપા

સરવૈયા-હિસાબની તપાસણી કરી જીવનની મૌ

ઓના સાચા વિકાસની માપણી કરવાના શુભ

દીવાળીના પવિત્ર દિવસોમાં-

આપની સમક્ષ મારાં દુઃખડાં-રોદણાં ર

નહીં, પણ આપના પુનિત સ્મરણના પ્રતાપે

આપની ધર્મપુત્રી કેવા સંજોગોમાં હાલ વર્તે

જણાવી શકય હોય તો આપના........ને જ

દૃષ્ટિથી પાવન કરો, તો મારા જીવનનો બાગ

હેતુથી-

આપની સેવામાં આ નમ્ર અરજી કરૂં

આશા નહિ-પૂર્ણશ્રદ્ધા છે કે-આપ

કરશોજ !!!

વહાલા ધર્મપિતા !

આપથી વિખૂટા પડયાને અહો....હો...

જન્માન્તર વીતી ગયા !!!

શું આપ મને સાવ વિસરી ગયા છો

સાસરે વળાવ્યા પછી આપશ્રીએ તો

કદી ભાળ-ખબર પણ કઢાવી નથી ?

શું હું આપની પુત્રી નથી !

મારો દીયર=મોહ અને દેરાણી=મમતા બંને ઘણા જ
પ્રકૃતિના અને ઉદ્ધત સ્વભાવના છે! તે છતાં કોણ જાણે
ારા મનને તેઓ બહુ ગમે છે! તેઓના તરફથી મને અને
શિરછત્ર........ને અણધારી ઘણી આફતો વેઠવી પડે છે,
છતાં તેઓના તરફ મારાં વળણુને હું રોકી શકતી નથી.

• મારા દીયરનો છોકરો=લોભ મને અનેક રીતે સતાવે
ખોટી પજવણીઓ કરી હેરાન પરેશાન કરી મુકે છે.

• મારો જેઠ=કામ અને તેનો દીકરો=અસદાચાર બન્ને
કુલટ સ્વભાવના છે, વાતે વાતે મેલી વાતો અને ખરાબ
વર્તનો દ્વારા મારી છેડતી કરવામાં બાકી નથી રાખતા !!!
અને તેમાં વળી અધુરામાં પુરૂં મારી જેઠાણી=ઇચ્છા પોતાના
મિજાજી સ્વભાવના આધારે ઉપજતા મનતરંગો અને બદદાન-
તોને બર લાવવા પોતાના ધણીને અને દીકરાને મારી સામે
ની ઉશ્કેરણી કરતી રહે છે.!!!

એટલે પછી " ગરજે ગધેડાને બાપ કહેવો પડે "
કહેવત મુજબ ન છુટકે હવામાં બાચકાં ભરવાની જેમ અમારા
ઘરના સૌથી વધુ નીચ સ્વભાવના અને હલકા વર્તનવાળા
નોકર=ક્રોધનો આશરો લેવાની દુર્બુદ્ધિ સૂઝે છે. અને સરવાળે
મારા જીવનને વધુ ડોળી નાખવામાં પેટ ચોળીને શૂળ ઉભું
કરવાની જેમ તે હલકા નોકરની મેલી રમતોને હાથે કરીને
ઉત્તેજના આપનારી મૂર્ખતા હું કરી બેસુ છું. ???

• એ નોકર મારી સાથે મારી વાતોમાં હા પાડે અ
ઘરના માણસો સાથે મારી વિરુદ્ધ કાર્યવાહીમાં પણ ભ
લે છે! આવો મદારીના ડુગડુગીયાની જેમ બે તરફ ઢોલ

વગાડી છેવટે મને જ વધુ દુઃખી બનાવી મુકે છે ! ક્યારેક તો મને સખત માર પણ મારે છે ???

ક્યાં પોકાર કરૂં મારી નિરાધાર દશાનો ???

● અને મારા શિરછત્ર સમા આર્યપુત્ર (ધણી)ની તો વાત કહેતાં જીભ થંભે છે ?

આર્ય સ્રીના મોંઢે પોતાના સ્વામીની ગમે તેવી સાચી પણ ફરિયાદ શરમના શેરડા પાડી દે ?

છતાં બાપની આગળ દિકરી પોતાનું દર્દ રજુ ન કરે તો હૈયાને ટાઢક વળવાનો બીજો આશરો કયો ?

એટલે પિતાજી ! શરમાતાં-સંકોચાતાં તુટયા-ફુટયા અધુરા શબ્દોમાં મારા અંતરની એ ગુસપુસવાતને પણ આપની આગળ રજુ કરી હૈયાના બોજને હળવો કરી લઉં ?

● મારા ધણી=જીવાત્મા પોતાના લંગોટીયા બાળમિત્ર મનજીભાઈના ચાળે એવા ચઢી ગયા છે કે-શી ખબર ! તેઓ કેવા ભયંકર સંયોગોમાં ફસાઈ પડશે ??? તેની કલ્પના પણ મને ઘણીવાર કમકમાટી ઉપજાવી દે છે !!!

● મારા સ્વામીનાથ પોતાના ગરજુ-સ્વાર્થી છતાં ઉપર [illegible] બનેલા બાળમિત્ર-મનજીના અંકુશે [illegible] બની મારી તરફ ઊંચી નજરે જોતા પણ નથી ???

● [illegible] કે [illegible] પ્રશ્નને [illegible] શ્રી [illegible] કે [illegible] પણ [illegible] નથી !!!

● [illegible]

માં પુરતું ધ્યાન નથી આપતા ???
ત્યાં ભાઈબંધ **મનજીભાઈના** સાગરીતોની સ્વાર્થ
દીલમાં પાગલની જેમ ભટકયા કરે છે!
તો તેઓ પોતાનું ગુજરાન કેવી રીતે ચલાવશે?
પ્રશ્ન મારા હૈયાને કોરી ખાય છે.?
મારી આસુ=**માયાના** નચાવ્યા નાચે છે, પણ મુજ
ોની વાત કાને નથી ધરતા?
પરમકૃપાલુ! આપે તો મારી ખબર કાઢવા મારા
ા ભાઈ=**સુખ** અને **સંતોષને** પણ કદી મોકલ્યા નહિ!
અને મારી બહેન=**શાંતિને** પણ કદી મારી સંભાળ લેવા
લી નહીં.?
• ફક્ત એક મારી વ્હાલી સહીયર=**ભક્તિ** મને વિવિધ
તે આશ્વાસન સાન્ત્વન આપે છે?
• મારો દીકરો=**ભાવ** મને બહુ વહાલો છે! પણ તે હાલ
અબોધ છે? સાવ નાની તેની ઉંમર છે? છતાં તેની આશાએ-
ભરોસે જીવી રહી છું.???
• મારા ઘરમાં એક જુની-પુરાણી પણ અતિશય કલા-
સમૃદ્ધ ગાડી છે. જેનું નામ **વૈરાગ્યવાહિની** છે. પણ તેના
બે પૈડાં=**જ્ઞાન** અને **ક્રિયા** અણવપરાયેલી હાલતમાં કાટ ખાઇને
કયાં પડયા હશે? તેની મને ભાળ નથી!!!
• તેમાં બેસીને **જ્ઞાનાનંદની મસ્તીના** બગીચામ
ફરવા જવાની મારી ઘણી ઉમેદ રહે છે?
મારા આર્ય **પુત્રને** ઘણીવાર વિનવું છું? પણ મ

વાત ગરજી ભાઈબંધોની ખુશામદી વાતોમાં અદ્ધર ક્યાંય ઉડી જાય છે. ?

● વધારામાં મારા વિરોધી નણંદ–સાસુ–જેઠાણી (માયા તૃષ્ણા–ઈચ્છા) આદિની ઈર્ષ્યાભરી વાતોથી મારા સ્વામી મર્મ સમજ્યા વિના આડા દોરવાઈ જાય છે.

હશે! આપ જેવાની પનોતી પુત્રી રૂપે અવતાર પામેલી હું છેવટે મારા કર્મોના દોષ સમજી મારા જ્ઞાનાનંદની મસ્તીના બગીચામાં ક્યારેક ઉગી નીકળતા એક સુગંધભરપૂર મોહક પુષ્પ=જેનું નામ **પશ્ચાત્તાપ** છે, તે આજે મારા અંતરના ઉમળકા સાથે આપના ચરણોમાં માથું નમાવી "ભાવપૂર્વક ચઢાવું છું. ???"

ધર્મપિતા!

મારી આ કર્મકથની વાંચી હવે તો મારી ખબર કાઢો!

માત્ર આપ ત્યાંથી મારા સ્વામીનાથ ઉપર રહેમનજર કે વાત્સલ્ય પૂર્ણ દૃષ્ટિ ફેંકશો! એટલે એમ તો મારા સ્વામી ખાનદાન છે?

જરૂર આપની વહાલી દીકરીનો સંસાર સુધરી જશે

● શું મારી મોટી ફઈબા **કરુણા** અને માશીબા=જ્ઞાન નિશ્રા આપની પાસે મારી દાદ લઈને નથી આવતા ??

આપના ચરણોમાં માથું નમાવી અંતરની ભાવ શુદ્ધિ કરી સાથે મારા સ્વામીનાથના વતી હું માફી માંગી મારા જીવન ઉદ્ધાર માટે ખોળો પાથરવાની તક મેળવું છું. ???

પુત્રીના હૈયાની પીડ પિતા વિના બીજું કોણ પારખી શકે ???

છેવટે નમ્ર વિનંતિ કે—આ મારી અરજી હવામાં ઉડી
જાય ? કે ફાઈલ ઉપર ચઢીને પડી રહે તે કરતાં તેના ઉપર
જે—તે યોગ્ય સેરો મારી તુરત નીચેના સરનામે જવાબ
પાઠવવા કૃપા કરશોજી. ???

એજ લી૦

હરઘડી આપનું રટણ કરતી

આપની વ્હાલી દીકરી ચેતનાના પાય લાગણ

સરનામું

From ચેતનાગૌરી આત્મારામ પટેલ ઠે. વિલાસચોક સદ્વિચાર ચોક નં. ૩ Po. આત્મારામપુર (દેશ—અલખ) (વાયા—સદાચારપુર)	To, વિશુદ્ધાનંદી પરમપિતા પરમાત્મા ઠે શુદ્ધ સ્વરૂપ નિવાસ સ્વરૂપ વિલાસ ચોક, આત્માનંદગલી Po. શિવપુરી (દેશ. નિર્ગુણ) (વાયા. અલખ)

શાંતિથી વિચારો ! ! !

● સંસારમાં તમારે રહેવું પડે તો ભલે રહો ! પણ સંસાર તમારામાં ન રહે ! ! ! તેનું પૂરતું ધ્યાન રાખો ! ! !

● સંસ્કારોના ગુલામ થવાના બદલે તેના સાચા ધણી બનવા માટે સારૂં વાતાવરણ અને માર્ગદર્શન મેળવો ! ! !

ઉપદેશક પદ્યો

જ્ઞાની ભગવંતોએ થોડા શબ્દોમાં, અત્યંત માર્મિક ઉપદેશ જેમાં ભર્યો છે તેવા કેટલાક ચૂંટેલા દૂહાઓ વગેરેનો સંગ્રહ.

જગતના પ્રાણી માત્રને, વહાલા છે નિજ પ્રાણ ।
માટે મન, વચ, કાયાથી, સદા કરૂં તસ ત્રાણ ।।

* * *

આશીર્વાદ મુજને મલો, ભવોભવ એહ મુજ ભાવ ।
ત્રસ થાવર જીવો બધા, દુઃખિયા કો નવિ થાવ ।।

* * *

જો શક્તિ મુજને મળે, આપું સહુને સુખ ।
કર્મના બંધન ટાળીને, કાપું સહુનાં દુઃખ ।।

* * *

મુજને દુઃખ આપે ભલે, તોપણ હું ખમું તાસ ।
સુખ પીરસવા સર્વને, છે મારો અભિલાષ ।।

* * *

ગુણી જનોને વંદના, મૈત્રી ભાવ સમસ્ત ।
દુઃખ દેખી કરૂણા કરો, અવગુણ દેખી મધ્યસ્થ ।।

* * *

વડા વડાઈ ના કરે, વડા ન બોલે બોલ ।
હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ ॥

*　　*　　*

જન્મ ધરી આ જગતમાં, મેળવીઓ શો સાર ।
હૃદય વિચારી જોય તું, કર તું આતમ સાર ॥

*　　*　　*

પૂજા કરો જિનરાજની, ખામણા કરો શુભભાવ ।
સાધર્મિ વાત્સલ્ય ખંતે કરો, એહ છે મુક્તિનો દાવ ॥

*　　*　　*

લોક કહે લખપતિ થયો, પણ શું પામ્યો બેલ ! ।
તુજ સાથે શું આવશે, તપાસ તારો મેળ ॥

*　　*　　*

હાથ ઘસે ભોંયે આહુડે, જીભે તાળું દીધ ।
મરણ વેળાએ સાંભરે, હા—મેં ધર્મ ન કીધ ॥

*　　*　　*

શું લઈ આવ્યા સાથમાં, શું લઈ નિકલનાર ।
બાંધી મુઠી આવીઆ, ખાલી હાથ જનાર ॥

*　　*　　*

યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણો રે ।
એહ તણે અવલંબને, આતમ ધ્યાન પ્રમાણો રે ॥

*　　*　　*

કીધાં કર્મ ન છુટીએ, જેહનો વિષમ બંધ ।
બ્રહ્મદત્ત જેવો રાજવી, સોળ વરસ રહ્યો અંધ ॥

* * *

નરભવ ચિંતામણી સહી, એળે તું મત હાર ।
ધર્મ કરીને જીવડા, સફળ કર અવતાર ॥

* * *

આશા અંબર (આકાશ) જેવડી, મરવું પગલાં હેઠ ।
ધર્મ વિના જે તા દિન ગયા, તે તો જાણો વેઠ ॥

* * *

ધન કારણ તું હલફળે, તિમ ધર્મમાં જો થા તું શૂર ।
અનંત ભવના પાપ સવિ, ખિણમાં જાયે દૂર ॥

* * *

ફરી ફરી મળતો નથી, આ ઉત્તમ અવતાર ।
કાળી ચૌદશને રવિ, આવે કોઈક વાર ॥

* * *

મ્હોટું મ્હોટું શું કહે, જગતમાં મ્હોટું કોણ ? ।
[illegible] [illegible] પરલોકના, મ્હોટું એક કોણ ? ॥

* * *

[illegible] ।
[illegible] ॥

* * *

વડા વડાઈ ના કરે, વડા ન બોલે બોલ ।
હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ ॥

*　　*　　*

જન્મ ધરી આ જગતમાં, મેળવીઓ શો સાર ।
હૃદય વિચારી જોય તું, કર તું આતમ સાર ॥

*　　*　　*

પૂજા કરો જિનરાજની, ખામણા કરો શુભભાવ ।
સાધર્મિ વાત્સલ્ય ખંતે કરો, એહ છે મુક્તિનો દાવ ॥

*　　*　　*

લોક કહે લખપતિ થયો, પણ શું પામ્યો ખેલ ! ।
તુજ સાથે શું આવશે, તપાસ તારો મેળ ॥

*　　*　　*

હાથ ઘસે ભોંયે આહુડે, જીભે તાળું દીધ ।
મરણ વેળાએ સાંભરે, હા–મેં ધર્મ ન કીધ ॥

*　　*　　*

શું લઈ આવ્યા સાથમાં, શું લઈ નિકલનાર ।
બાંધી મુઠી આવીઆ, ખાલી હાથ જનાર ॥

*　　*　　*

યોગ અસંખ્ય છે જિન કહ્યા, નવપદ મુખ્ય તે જાણો રે ।
એહ તણે અવલંબને, આતમ ધ્યાન પ્રમાણો રે ॥

*　　*　　*

આરાધન ફલ એહના, ઈણ ભવે આણુ અખંડ રે ।
રોગ દોહગ દુઃખ ઉપશમે, જેમ ઘન પવન પ્રચંડ રે ॥

*   *   *

અરિહંત દેવ સુ સાધુ ગુરૂ, ધર્મ જ દયા વિશાલ ।
જપો મંત્ર નવકાર તમે, અવર મ ઝંખો આલ ॥

*   *   *

સિદ્ધચક્રના ગુણ ઘણા, કહેતાં ન આવે પાર ।
વાંછિત પૂરે દુઃખ હરે, તે વંદુ ત્રણ કાલ ॥

*   *   *

ઈહભવ પરભવ એહથી, સુખ સંપત્તિ સુવિશાળ ।
રોગ શોક સઘળા ટળે, જીમ નૃપતિ શ્રીપાળ ॥

*   *   *

અરિહંતાદિ નવપદ, નિજ મન ધરે જે કોઈ ।
નિશ્ચય તસ નર શેખરહ, મન વાંછિત ફળ હોઈ ॥

*   *   *

જીવંતા જગ જશ નહિં, જશ વિણ કોઈ જીવંત ॥
જે જશ લેઈ આથમ્યા, રવિ પહેલાં ઉગંત ॥

*   *   *

રે જીવ સુણ બાપડાં, હૈંને વિમાસી જોય ।
આપ સ્વાર્થી સહુ મિલ્યા, ત્હારૂં જગ નહિ કોય ॥

*   *   *

પઢના લીખના ચાતુરી, એ સવિ વાતો સ્હેલ ।
કામ દહન મનવશીકરણ, આતમ ધ્યાન મુસ્કેલ ॥

* * *

ખાના ચલના સોવના, મિલના વચન વિલાસ ।
જ્યોં જ્યોં પંચ ઘટાઈએ, ત્યોં ત્યોં ધ્યાન પ્રકાશ ॥

* * *

ધર્મ વિના સુણ જીવડા, તું ભમીઓ ભવ અનંત ।
મૂઢ પણે ભવ તેં કીયા, ઈમ બોલે ભગવંત ॥

* * *

ધર્મ કરત સંસાર સુખ, ધર્મ કરત નવનિધ ।
ધર્મ પંથ સાધ્યા થકી, સકલ રિદ્ધિ સમિધ ॥

* * *

ધન મેળવતાં દુઃખ છે, સાચવતાં પણ દુઃખ ।
આવ્યા પછી જો જાય તો, જાય સમૂળું સુખ ॥

* * *

ધર્મ નિયમ પાળ્યા વિના, પ્રભુ ભજવા તે વ્યર્થ ।
ઔષધ સેવે શું થશે, પળાય નહિ જો પથ્ય ॥

* * *

દુર્જન મુખમાં દુર્વચન, સજ્જન મુખ મીઠાશ ।
હોય સુગંધી બાગમાં, ગંધાતો સંડાશ ॥

* * *

ધિકાર પામી જગતમાં, કર્યો ન પર ઉપકાર ।
ધિકારમાંથી ગા ગયો, પાત્મા રહ્યો ધિક્કાર ॥

* * *

કલ્યાણ ઇચ્છો વિશ્વનું, સહુ પ્રાણી પર મમતા ધરો,
સંતાપ સહુના પરિહરો, પરમાર્થના કાર્યો કરો ।
નિજ સ્વાર્થ માટે અન્યપર, નહિ દ્રોહ કિંચિત મન ધરો,
ત્યાગો પરસ્પર વેરને, અધિ ગાવરની અપહરો ॥

* * *

સંસારના સહુ જીવને, શાંતિ મલો ભવ તાપથી,
પુણ્ય કાર્યે પગ ધરો, વિરમો દુઃખદ સહુ પાપથી ।
અપરાધી કો થાશો નહિ, નહિ કષ્ટ આપો કોઈને,
અત્યંત ઉરમાં હર્ષ ધારો, પ્રાણી ગણને જોઈને ॥

* * *

સંસાર રૂપી આગગાડીમાં, મુસાફર છે ચડયો,
ભેગમાં છે દાગીના, જેથી નથી તે ઉંઘતો ।
થોડાક સ્ટેશન ગયા પછી, કોઈને કીધા વગર,
સામાનને લીધા વગર, તે એકદમ ઉતરી પડયો ॥

* * *

કોને ખબર ! ક્યારે ધમણ, આ ચાલતી અટકી જશે,
તેજસ્વી લોચનની કીકી, આ હાલતી અટકી જશે ।
થંભી જશે જીભ્હા અને, ધબકાર હયાના અહો,
સહુ ધન ધામ સુત રાજ્ય દારા, છુટી જશે સઘળુ અહીં અહો ॥

* * *

સ્નાન કરતાં માછલા, બગલા રહે છે ધ્યાનમાં,
પાન ખાઈ બકરા જીવે, સિંહો વસે છે રાનમાં ।
બેલ ધૃમે છે ઘાંચીનો, આ ઘંટ બાંધી ને ગળે,
ભાવના શુદ્ધિ વગર, ફળ તપતણું કાંઇ ના મળે ॥

*   *   *

ના પાપ અંધારે રહે, છાનું કરો કે ચોકમાં,
અંતે પોકારી ઉઠશે, આ લોક કે પરલોકમાં ।
અતિ કષ્ટથી ઉછેરીને, ડાહ્યા બનાવ્યા દીકરા,
માબાપને માને નહિ, પેટે પડયા ઝખ મારવાં ॥

*   *   *

શું કામના મોટા સમુંદર, તૃષા કોઈની ના ટળે,
એથી ભલી નાની નદી, જ્યાં સર્વને શાંતિ મળે ।
સુખીયા ખરા છે એજ, જે દુઃખીયા જનોના દુઃખ હરે,
મોટા મનાતા એજ, જે નાનાં ઉપર કરૂણા કરે ॥

*   *   *

દરરોજ જુવે છે જતાં, જન સેંકડો શમશાનમાં,
હું અમર છું એમ માને, માનવી ઉંડાણમાં ।
ધન ભોગ કાજે પાપ કરતાં, નર જન્મ એળે ખોવતાં,
પરલોક થાશે કઈ ગતિ, ચેતે નહીં નિજ ચિત્તમાં ॥

*   *   *

વર્ષગાંઠ તણે દિને, ખાએ પીએ છે માલ,
પણ સમજે નહિ એટલું, કે દિવસ ગાંઠનો જાય ।
છ કાયમાંથી જીવ આવીયો, છ કાય માંહે જાય ॥
છ કાયની રક્ષા કરે, તે અજરામર થાય ॥

*   *   *

[illegible]

[illegible]

*

[illegible] પણ, પછી કેમ નહિ જાય,
શણગાર શોભતા મૂક્યા, પણ [illegible] નહિ થાય ।
ગણતાં [illegible], [illegible] જાય,
કહો કેમ [illegible] કૂપમાં સાગર [illegible] સમાય ? ॥

*

પુત્ર મિત્ર તુજ દેખતાં, ગયા તાણ જન શાણ,
ચેત મન! એક દિન એવો આવશે, બળી થવું છે ખાખ ।
"જગતપડ્યું મુખ કાળને," કેડી ચોર જનાર,
ઘંટીને થાળે પડ્યા, દાણા લોટ થનાર ॥

*

લક્ષ્મી કોઈની થઈ નથી, થાશે નહિ કો દિન,
ધર્મ માર્ગે વાપર્યું, તે થાશે તુજ ધન ।
કોડપતિ મૂકી ગયા, કોડી ન ગઈ તે સાથ,
"હાથે તે સાથે થશે," મિથ્યા બીજું જાણ ॥

*

ભવોભવ એ મુજ ભાવના, જો મુજ ધાર્યું થાય ।
તો શ્રી જિનશાસન વિષે, સ્થાપું જીવ બધાય ॥

*



ખૂબ શાંતિથી વાંચો !!!   ગંભીરતાથી વિચારો !!!

બાવાની લંગોટી

શાસ્ત્રો કહે છે કે સુખ સંતોષમાં ! સુખ છે સાદાઈમાં ! પણ અર્થશાસ્ત્રીઓ કહે છે સુખ છે પરિગ્રહમાં !

આજે શાસ્ત્રો કે શાસ્ત્રીઓ કરતાં, અર્થશાસ્ત્રીઓને આપણે વધુ માનવા લાગ્યા છીએ,

પરિણામે બાવાની લંગોટી જેવી સ્થિતિ આપણે સરજી રહ્યા છીએ.

એ બાવો બની ગયો. એણે સંસાર ત્યાગી દીધો, સર્વસ્વ ત્યાગ્યું ફક્ત લંગોટી જ શરીર પર રહી પરંતુ એ એક નાની લંગોટીએ તો એની આગળ એક સંસાર ઊભો કરી દીધો. લંગોટી ઉંદર કાપી જવા લાગ્યા. આથી એના માટે એક બિલાડી પાળી, બિલાડીને દૂધ જોઈએ માટે ગાય આવી. ગાયને ઘાસ જોઈએ માટે ખેતર આવ્યું.

ટુંકમાં એક લંગોટીએ પાછો નવો સંસાર ઊભો કરી દીધો. ને બાવાને ફરી ઉપાધિમાં નાખી દીધો.

આ દૃષ્ટાન્ત આપણે અવારનવાર સાંભળીએ છીએ. ક્ષણવાર માથાં ડોલાવીએ. પરંતુ પાછા હતા ત્યાં ને ત્યાં જ આવીને ઊભા રહીએ છીએ.

[illegible]
[illegible] નથી. [illegible]
[illegible] નથી, [illegible]
[illegible] નથી. [illegible]
ાં તે આપણી માંગ ઘટતી નથી, આપણો
ન પરિગ્રહ ઘટતો નથી. [illegible] ઘટતો નથી.
ર્થશાસ્ત્રીઓ કહે છે કે
જેમ જરૂરીયાતો વધારો તેમ માલનું ઉત્પાદન વધશે;
ણી કરો તો પુરવઠો મળી રહેશે."
ા સિદ્ધાન્ત કદાચ અર્થશાસ્ત્રીઓ માટે, કે ઉદ્યોગો
કારગર હશે. પરન્તુ વ્યક્તિના સુખ માટે, શાંતિ માટે
નકામો જ છે.
વ્યક્તિના માટે તો "માંગ ઘટાડે તો જ સંતોષ ને
"

જેમ જરૂરિયાત ઓછી તેમ સુખ અને શાન્તિ

આપણી જરૂરિયાતો આપણે કેટલી વધારી દીધી
ો જ ખ્યાલ કરીએ.
એક કાળે આપણે જમીન પર સૂતા આજે પણ
ા ઘણા મદ્રાસીઓના ઘરોમાં એક ચટાઈ અને તકીયાથી
ચાલે છે.
પરન્તુ આપણે તો બન્યા ફેશનવાળા, શોખીન અને
!
આપણે ગાદલાં તો જોઈએ જ. તે પણ સખત
ડનલોપીલોનાં.

ને આ ગાદલાં કંઈ નીચે પથરાય! એના માટે આ
પલંગ ને પલંગની જાતજાતની ડીઝાઈન.

ને પલંગમાં જ પડયાં પડયાં ચ્હા પી શકીએ એ
એની સામે જ ટેબલ ગોઠવાયાં.

ત્યાં જ સીગરેટના ટીન રહી શકે એવી વ્યવસ્થ

ને ત્યાં જ થોડાં પુસ્તકો પણ રહેવાં લાગ્યાં.

ટુંકમાં પલંગમાં પડયાં પડયાં જ વાંચન, ચા
વગેરે મળતાં આળસમાં વધારો થયો.

" **આળસ એ માણસનો મોટામાં મોટો**
છે." એમ રોજ કહેનારા આપણે આળસને પૂ
આવકારી છે. એમાં જરાયે શંકા લાગે છે ખરી

સૂવાનો વંશવેલો વધ્યો તેમ ખાવાપીવા
ચાલ્યું. જેમ આ યુગમાં ફેમીલી પ્લાનીંગ કરવા
છે, તેમ ખાવામાં પણ અમુક વાનીઓથી વ
જોઈએ. એ નિયમન કરવાની પણ જરૂર છે.

જીવવા માટે ખાવું છે કે ખાવા માટે

આજે તો જોઈએ છીએ કે લોકો જાણે
જીવે છે.

દા'ડામાં દસ વાર ખાય છે. ને વાનીઓ
તો પાર રહેતો નથી.

શરીરને આ બધાની શી જરૂર છે?

છતાંએ 'બાવાની લંગોટી' જેમ આ
થતો જાય છે. દેખાદેખી વધતી જાય છે. ને
પણ વધતો જાય છે.

શરીર છે ધર્મ કરવા માટે, આત્માના કલ્યાણ માટે એને પોષણ આપવાનું છે, માલમલીદા ખાઈને એને હૃષ્ટપુષ્ટ કરવાનું નથી.

સુખીયો આપણો જીવ પણ તેને હાથે કરીને આપણે દુઃખમાં નાખીયે છીએ.

આસપાસ એટલી બધી પલોજણ ને વિટંબણાઓ વગર કારણે ઊભી કરીએ છીએ કે એમાંથી બે ઘડી આત્માનો વિચાર કરવાનીયે આપણને ફુરસદ મળતી નથી.

ફેશન પાછળ આપણે ઘેલા બનીયે છીએ. ગાડરીયા પ્રવાહમાં ધસી રહ્યા છીએ.

જ્યાં પાટલા પર કે ચટાઈ પર બેસીને નિરાંતે જમી શકતા, ત્યાં આજે સાંકડી જગ્યામાં પણ દેખાદેખીને કારણે ટેબલ ખુરશી ખડકાયાં છે. ને એ ટેબલ ખુરશીના શણગાર આવ્યા એટલે એની પાછળ પ્લેટોની વણઝાર આવે છે.

વાસણમાં પિત્તળનાં વાસણ વાપનાર આજે લોભી છે. સ્ટેઈનલેસ સ્ટીલ જ જોઈએ. પછી ભલે એમાં રસોઈ દાઝી જાય, દૂધ ફુણાઈ જાય, શાક બળી જાય, કે હલાવતાં ચમચા ગરમ થઈ જાય, કે દાઝી જવાય, પણ શોભે તો એ જ. "**જીવ જાય તો જાય ! પણ રંગડો તો રહે ને !!!**"

જેમ સાદાઈથી જમી લેતાં, તેમ ચ્હા પણ સાદાઈથી પી લેતાં. કપમાં ચા આવે એવી જ ગટગટાવી જતા. પરંતુ આજે તો જાપાનીની જેમ એ પણ મોટો કાર્યક્રમ થઈ થઈ ગયો છે.

આ અંદરથી તૈયાર લાવે તો ફૈશન ન ગણાય

ટીપોટ, સ્યુગરપોટ, મીલ્કપોટ, કપરકાણીઓ, એમ

વણઝાર આવે.

હુંકમાં પીનાર એક હોય છતાં વાસણો

ઊભો થાય.

પેટ ચોળીને પીડા ઊભી કરી છે ને!

કામ વધારીને, હાયવોય વ્હોરી લીધી છે ને

હાયવોયમાં આત્માનું તો સુઝે જ કોને!

હાથે કરીને કામ વધાર્યું. વગર કારણે

પાસ કરોળીયાની જાળ ગુંથીને એ કામ કરવા

ને આજકાલના માણસોના મનને મનાવ

એની અસર શરીર પર ઉતરી.

પરિણામે ઊંઘ ઘટતાં ભૂખ ઘટી, ઊંઘ

ખાધી. છતાંય પેલાંય સુંદર ડનલોપીલોનાં

જાતજાતની વાનીઓ છતાંયે ભૂખ

ખાધું તે પાચન ન થયું. પાછા તેના ઉ

છે'ને બાવાની લંગોટી જેવો જ

આ ફેશન !!! આ દેખાદેખી !!!

એ બધું અભિમન્યુના ચક્રાવા

એમાં ઘૂસવું સહેલું છે, પણ એમાં

જીવતાં-જાગતાં નીકળવું અઘરું છે તે

કરોળિયાની જાળમાં કરોળિયે

એમ આપણે આડંબરની જાળમાં અ

છીએ ને હાથે કરીને 'ઊઠ પાણ

આપણા સુખીઆ જીવને દુઃખમાં નાખીએ છીએ.

ને એ દુઃખમાં જ હાયવોય ને ઉપાધિમાં મળેલા મનુષ્ય અવતારને એળે ગુમાવી દઈએ છીએ.

મેળવવાનું મેળવી શકતા નથી ને ન મેળવવા જેવામાં વગર કારણે વલખાં મારીને અશાંતિ, અસંતોષ ને દુઃખ વ્હોરી લઈએ છીએ.

ખાવા-પીવા, રહેવા-સહેવા સાથે ઓઢવા પહેરવાનો પણ વંશવેલો વધતો જાય છે.

આપણા બાપદાદાઓને બેચાર જોડીથી ચાલતું, પણ આપણે તો કબાટ ખડકેલાં જોઈએ છે.

નિત્ય નવું ને એમાંય મૅચીંગની મથામણનો પાર નહિ.

સાડી તેવો જ ચણિયો-બ્લાઉઝ-બંગડી, બુટ્ટી, ચંપલ ને પર્સ. આવી વેષભૂષા ને જાતજાતની કેશભૂષામાંથી કોને ઘરકાર્ય કે ધર્મકાર્યની નવરાશ છે!

ધર્મ તો વારે-તહેવારે કરવાનો દેખાવ માટે ભગવાનને પ્રણામ કરી આવવાનો, ને બે ઘડી કથા-કીર્તનમાં હાજરી આપવાનો.

બાકી જીવનમાં ધર્મ ઊતરતો નથી....ઊતરી શકે એવી શક્યતા આપણે રહેવા દીધી નથી.

જે કરવા જેવું છે તે ચૂક્યા છીએ ને નથી કરવા જેવું એની પાછળ દોટ મૂકી છે.

માટે જ આપણે સુખી નથી.

સુખની શોધમાં ફરીએ છીએ. પરન્તુ સુખ ક્યાં છે, તેનો વિચાર કર્યો નથી.

સુખ જ્યાં છે ત્યાંથી ઊંધી જ દિશામાં આપણે દોટ મૂકી છે. પરિણામે સુખથી દૂર ને દૂર થતા જઇએ છીએ.

જો આપણે સારી રીતે જીવવું હશે, મળેલા માનવ-દેહનો સદુપયોગ કરવો હશે તો–

આ દરેક બાબતમાં નવેસરથી વિચાર કરવો જ પડશે. ને વિચારીશું તો આપણને લાગશે કે

આપણા જીવનમાં જેની જરાય અગત્ય નથી, જરૂર નથી, એવી ઘણી વસ્તુઓના ગંજ આપણે આપણી આસપાસ ખડકી નાખ્યા છે.

કોશેટાના કીડાની જેમ આપણે આપણી આસપાસ એવી તો જાળ ગૂંથી નાંખી છે કે જો વખતસર ચેતીને એમાંથી બહાર નીકળી ન જઇએ તો અંદર જ ગુંગળાઇ મરીશું, ને મહામૂલો મનખાદેહ એળે ગુમાવી દઇશું.

જો સારી રીતે જીવવું હોય, માણસાઇથી જીવવું હોય ને ખરેખર સુખી જ થવું હોય તો આ દિશા શૂન્ય બનીને ખૂબ જ ગતિમાં દોડી રહેલી આપણી ગાડીને બ્રેક મારવી પડશે જ ને આપણે વિચારવું પડશે જ કે, આ બધું 'બાવાની લંગોટી' જેવું તો થતું નથી ને !

આપણે એટલું ન ભૂલીએ કે જ્યાં બહુ છે ત્યાં ઉપાધિ છે, જ્યાં સંતોષ છે ત્યાં જ સુખ છે. ને સુખ છે ત્યાં જ શાન્તિ છે. અને આપણે સુખ જ જોઇએ છે ને ? તો પછી એ જ્યાં છે તે દિશા તરફ જ વળવું પડશે !!!

("જનકલ્યાણ" સમાજ કલ્યાણ અંક ફેબ્રુ. ૧૯૬૪માંથી)

આપણા સુખીઆ જીવનને દુઃખમાં નાખીએ છીએ.

ને એ દુઃખમાં જ હાયરહોય ને ઉપાધિમાં મળેલા મનુષ્ય અવતારને એળે ગુમાવી દઈએ છીએ.

મેળવવાનું મેળવી શકતા નથી ને ન મેળવવા જેવામાં વગર કારણે વલખાં મારીને અશાંતિ, અસંતોષ ને દુઃખ વહોરી લઈએ છીએ.

ખાવા-પીવા, રહેવા-સહેવા સાથે ઓઢવા પહેરવાનો પણ વંશવેલો વધતો જાય છે.

આપણા બાપદાદાઓને બેચાર જોડીથી ચાલતું, પણ આપણે તો કબાટ ખડકેલાં જોઈએ છે.

નિત્ય નવું ને એમાંય મેચીંગની મથામણનો પાર નહિ.

સાડી તેવો જ ચણિયો-બ્લાઉઝ-બંગડી, બુટ્ટી, ચંપલ ને પર્સ. આવી વેષભૂષા ને જાતજાતની કેશભૂષામાંથી કોને ઘરકાર્ય કે ધર્મકાર્યની નવરાશ છે!

ધર્મ તો વારે-તહેવારે કરવાનો દેખાવ માટે ભગવાનને પ્રણામ કરી આવવાનો, ને બે ઘડી કથા-કીર્તનમાં હાજરી આપવાનો.

બાકી જીવનમાં ધર્મ ઊતરતો નથી....ઊતરી શકે એવી શકયતા આપણે રહેવા દીધી નથી.

જે કરવા જેવું છે તે ચૂકયા છીએ ને નથી કરવા જેવું એની પાછળ દોટ મૂકી છે.

માટે જ આપણે સુખી નથી.

સુખની શોધમાં ફરીએ છીએ. પરન્તુ સુખ કયાં છે, તેનો વિચાર કર્યો નથી.

સુખ જ્યાં છે ત્યાંથી ઊંધી જ દિશામાં આપણે દોટ મૂકી છે. પરિણામે સુખથી દૂર ને દૂર થતા જઇએ છીએ.

જો આપણે સારી રીતે જીવવું હશે, મળેલા માનવ-દેહનો સદુપયોગ કરવો હશે તો—

આ દરેક બાબતમાં નવેસરથી વિચાર કરવો જ પડશે. ને વિચારીશું તો આપણને લાગશે કે

આપણા જીવનમાં જેની જરાય અગત્ય નથી, જરૂર નથી, એવી ઘણી વસ્તુઓના ગંજ આપણે આપણી આસપાસ ખડકી નાખ્યો છે.

કોશેટાના કીડાની જેમ આપણે આપણી આસપાસ એવી તો જાળ ગૂંથી નાંખી છે કે જો વખતસર ચેતીને એમાંથી બહાર નીકળી ન જઇએ તો અંદર જ ગુંગળાઈ મરીશું, ને મહામૂલો મનખાદેહ એળે ગુમાવી દઈશું.

જો સારી રીતે જીવવું હોય, માણસાઇથી જીવવું હોય ને ખરેખર સુખી જ થવું હોય તો આ દિશા શૂન્ય બનીને ખૂબ જ ગતિમાં દોડી રહેલી આપણી ગાડીને બ્રેક મારવી પડશે જ ને આપણે વિચારવું પડશે જ કે, આ બધું 'બાવાની લંગોટી' જેવું તો થતું નથી ને!

આપણે એટલું ન ભૂલીએ કે જ્યાં બહુ છે ત્યાં ઉપાધિ છે, જ્યાં સંતોષ છે ત્યાં જ સુખ છે. ને સુખ છે ત્યાં જ શાન્તિ છે. અને આપણે સુખ જ જોઇએ છે ને? તો પછી એ જ્યાં છે તે દિશા તરફ જ વળવું પડશે!!!

("જનકલ્યાણ" સમાજ કલ્યાણ અંક ફેબ્રુ. ૧૯૬૪માંથી)

પૂ. આનંદઘનજી મ. વિરચિત

કર્કશા નારીની સજઝાય–સાર્થ

વિવેચનકાર :–

પૂ. ગણિવર્યશ્રી હંસસાગરજી મ.

મગરી ઉપર કૌવો બોલ્યો, પામણા આવ્યા તીન;
પામણા તારી મૂકો બાજું, છાણા ન લાવ્યો વીણ...
કર્કશા નાર મળી રે, ધન્ય હો ધન્ય હો
ધન્ય પિયુજી ! તેરા ભાગ્ય ॥ ૧ ॥

અર્થ :–આત્માએ, મોહનીયની ૬૯ કોડાકોડીથી કાંઈક અધિક સ્થિતિવાળા પહાડની ઉપર રહેલી આત્માની નિબિડ અને કર્કશ કર્મગ્રંથી રૂપ મગરી=ટેકરીનું જોર તોડી નાખનારૂં અપૂર્વ કરણ આદર્યું એટલે તેની અનંતા કાળની તે મગરી રૂપ કર્કશા નારી એકદમ અકળાઈ ઉઠી ? તેવામાં ઓછામાં પૂરૂં પોતાની ઉપર=માથે રહેલ ત્રીજા અનિવૃત્તિકરણ રૂપ કૌવો, હર્ષાવેશવશાત્ સમ્યક્ત્વ–દેશવિરતિ અને સર્વવિરતિ રૂપ ત્રણ મહેમાન આવ્યા છે ? એમ સ્વસ્વવૃત્તિએ બોલ્યો !

આ વાત તે કૌવાની નિકટવર્તી એની કર્કશાએ સાંભળી. ને અનિષ્ટ વાત સાંભળતાંને વેંત ક્રોધથી ધમધમી ઉઠેલી ને કર્કશા મુખ્ય મહેમાન સમ્યક્ત્વને ઉદ્દેશીને મનમાં જ બબડવા લાગી કે "હે મહેમાન ! મારે રસોઈ પકાવવા સારૂં અનંતાનુબંધીના ૪ કષાય રૂપ છાણા જોઈએ તે તો તું વીણીને

પૂ. આનંદઘનજી મ. વિરચિત

કર્કશા નારીની સજ્ઝાય—સાર્થ

વિવેચનકાર :–

પૂ. ગણિવર્યશ્રી અભયસાગરજી મ.

[illegible]

[illegible] ...

કર્કશા નાર મળી રે, મન દે મન દે

મન પિયુજી! તેરા ભાગ ॥ ૧ ॥

અર્થ [illegible]

[illegible]

લાવ્યા વિના જ ચાલ્યો આવે છે. તેથી હું તો હવે એ છાણા તારી પાસેથી મેળવવા સારૂ તારી–અપૂર્વકરણના પહેલા સમય પૂર્વેનું સર્વોચ્ચ યથાપ્રવૃત્તિકરણ અને તે પછી થનારા અપૂર્વકરણરૂપ અભૂતપૂર્વ મર્દાનગીદર્શક મૂછો જ આણું" (કે જેથી તું પાછો મિથ્યાત્વને પામીને મને અનંતાનુબંધીની ચોકડી રૂપ ચાર છાણા આપી શકે)

અત્ર આનંદઘનજી મ૦; તે નારીના ધણી આત્માને વ્યંગમાં કહે છે કે:– હે આત્મન્! તને આવી કર્કશા નારી મળી તે બદલ ખરેખર તારા ભાગ્યને ધન્યવાદ ઘટે છે. ॥ ૧ ॥

પામણા આવ્યા દેખીને રે, ચૂલો દીયો બૂઝાય;
પરણ્યાને બે લાતો મારી, આપ બેઠી રીસાય...
કર્કશા નાર૦ ॥ ૨ ॥

અર્થ:—કર્કશા એવું વિચારમાં રોકાઈ ત્યાં તો લાગ જોઈ રહેલા તેના પિયુજી (આત્મા) એ, યથાપ્રવૃત્તિ કરણને પૂરૂં કરીને કુહાડાની તીક્ષ્ણ ધાર જેવા વિશુદ્ધ પરિણામરૂપ અપૂર્વ કરણ વડે કર્કશાની ગાઢ વક્રતાને એકદમ ભેદી નાખીને (શ્રી કલ્પ ભાષ્યના— 'अनियट्टिकरणं पुण सम्मत्तपुरक्खडे जीवे' એ વચન મુજબ જે કરણમાં રહીને કરાતા અંતઃકરણના પહેલા સમયે જીવે એ વચન મુજબ સમ્યક્ત્વ પ્રાપ્ત થાય છે તે) ત્રીજું અનિવૃત્તિ કરણ આદરતાં (આંગતુક ત્રણ મહેમાનને વિષે મુખ્ય એવા) સમ્યકત્વ મહેમાનને પોતાની સમીપે આણી દીધો એટલે કે પોતે સમ્યક્ત્વને નિજની નિકટ કર્યું!

